(( ))

વેચાણ દસ્તાવેજ

વેચાણ અવેજ રૂા. /- પુરાનો વેચાણ દસ્તાવેજ...

સંવત ૨૦___ નાં ______ સુદ/વદ ______ને, વાર : ______, તારીખ : ____મી, માંહે : ______ સને : ______નાં અંગ્રેજી દિને...

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને ખરીદનાર તે તમો પહેલા પક્ષનાં :-

શ્રી ________________________________(**PAN NO.**______________)

ઉ.આ.વ._____, ધંધો :_____, જાતના : _____,

રહેવાસી : , સુરતનાં...

મો.

(જેઓને હવે પછી આ **વેચાણ દસ્તાવેજ**નાં લેખમાં**પહેલા પક્ષના** અગર **તમો, લખાવી લેનાર, ખરીદનારા** તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં**પહેલા પક્ષના** પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એકઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

જોગ લી...

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને વેચનાર તે અમો બીજા પક્ષનાં :-

૧. સંગીતાબેન જગદીશભાઈ આહીર

ઉ.આ.વઃ ૪૦, ધંધોઃ ખેતી, જાતનાઃ હિન્દુ,

રહેવાસીઃ પ્રાથમીક શાળાની બાજુમાં, ખરવાસા, ચોર્યાસી, સુરતનાં...

મોબાઈલ નંબરઃ ૯૯૦૯૧ ૩૦૯૯૦.

૨. પ્રિયંકા જગદીશભાઈ આહીર

ઉ.આ.વઃ ૨૨,ધંધોઃ અભ્યાસ, જાતનાઃ હિન્દુ,

રહેવાસીઃ પ્રાથમીક શાળાની બાજુમાં, ખરવાસા, ચોર્યાસી, સુરતનાં...

૩. સગીર ક્રીષા જગદીશભાઈ આહીર ના કુદરતી વાલી તરીકે સંગીતાબેન જગદીશભાઈ આહીર

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

ઉ.આ.વ: ૪૦, ધંધો: ખેતી, જાતના: હિન્દુ,

રહેવાસી: પ્રાથમીક શાળાની બાજુમાં, ખરવાસા, ચોર્યાસી, સુરતનાં...

(જેઓને હવે પછી આ **વેચાણ દસ્તાવેજના** લેખમાં**બીજા પક્ષના** અગર **હમો, લખી આપનાર, વેચનાર** તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં **બીજા પક્ષના** પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

જત તમો ખરીદનાર/એલોટી જોગ અમો મિલકત વેચાણ આપનાર/પ્રમોટર આ મિલકતનો વેચાણ દસ્તાવેજ નીચેની વિગતે અને શરતોએ કરી આપીએ છીએ કે...

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ **સુરત**, સબ ડિસ્ટ્રીકટ તાલુકા **ચોર્યાસી** ના મોજે ગામ **“ દેલાડવા ”** નાં રે.સર્વે નં.**૨૪૦+૨૪૧/૨, બ્લોક નંબર : ૩૨૨/અ,** કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૧-૫૨-૮૨ ચો.મીટર, આકાર રૂા.૨૧.૫૧ પૈસા છે. તેવી રહેણાંક ના હેતુ માટે બીનખેતી થયેલ જમીનમાં **“ નીલકંઠ રેસીડેન્સી ”** ના નામથી ઓળખાતી વસાહતમાં આવેલ રો-હાઉસ ટાઇપના પ્લોટો પૈકી પાર્સીગ પ્લાન મુજબ **“ પ્લોટ નં. ______ ”** વાળી મિલકત, કે જેનુ સુમારે ક્ષેત્રફળ _____ ફુટ બાય _____ ફુટ યાને _____ ચો.વાર યાને _____ **ચો.મી** વાળી જમીન સહીતની કુલ્લા પ્લોટ વાળી મીલકત તથા સદર મિલકતને લાગુ એવા આંતરિક રોડ-રસ્તા અને સી.ઓ.પી.ની _____ **ચો.મી** જમીનમાં વણ-વહેચાયેલા હકકો સહિત કુલ્લે _____ **ચો.મી** મીલકતને લાગતા વળગતા અંદર બહારના નીચે તળની જમીનથી લઇ ખુલ્લા આકાશ સુધીના તમામ હકકો સહિતની મીલકત જેનું વિગતવાર વર્ણન આ વેચાણ દસ્તાવેજમાં નીચે **“**પરિશિષ્ટ**”** માં દર્શાવવામાં આવેલ છે. તે મિલકત અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને ઉચ્ચક રૂા. ____________________ /-(**અંકે રૂપીયા** ______________________________) પુરાનાં કિંમતી અને સંપૂર્ણ અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ, અને જે અંગે આપણે પક્ષકારો વચ્ચે લેખિત વેચાણ કરાર કરવામાં આવેલ છે. તે કરારની શરતોનું અમો બીજા પક્ષના દ્વારા સંપૂર્ણપણે પાલન થયેલ છે તેમજ તમો

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

ખરીદનારાએ તથા તમારા પછીના ખરીદનારાએ ઉપરોકત કરારનું તમામ શરતો સહીત સંપૂર્ણ પાલન કરવાનું છે તેમજ તમો ખરીદનારાએ વેચાણ એવજના સંપૂર્ણ નાણાં અમો બીજા પક્ષનાને નીચે જણાવેલ વિગતે ચુકવી આપ્યા છે.

-:: પેમેન્ટ ચુકવ્યાની વિગત ::-

ક્રમ	વિગત	ચેક નંબર	તારીખ	રકમ(રૂ.માં)
૧.				/-
૨.				/-
			કુલ ચુકવેલ અવેજ રૂા.	/-

અમો બીજા પક્ષનાને ઉપરોકત જણાવેલ વિગતે વેચાણ અવેજની સંપૂર્ણ રકમ મળી ગયેલ છે જેની અમો બીજા પક્ષના પહોંચ લખી આપી સ્વીકારીએ છીએ. જેથી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકતનો વેચાણ અવેજ નથી મળ્યો કે ઓછો મળ્યો છે તેવી તર-તકરાર અમો બીજા પક્ષનાએ કે અમારા વંશ, વાલી, વારસોએ કરવા/કરાવવાની નથી અને કરીએ/કરાવીએ તો તે આ લેખથી રદબાતલ થાય સહી અને ગણાશે સહી.

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ **સુરત,** સબ ડિસ્ટ્રીકટ તાલુકા **ચોર્યાસી** ના મોજે ગામ **" દેલાડવા "** નાં રે.સર્વે નં.**૨૪૦+૨૪૧/૨, બ્લોક નંબર : ૩૨૨/અ,** કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે.૧-૫૨-૮૨ ચો.મીટર, આકાર રૂા.૨૧.૫૧ પૈસા છે. તેવી રહેણાંક ના હેતુ માટે બીનખેતી થયેલ જમીનમાં **" નીલકંઠ રેસીડેન્સી "** ના નામથી ઓળખાતી વસાહતમાં આવેલ રો-હાઉસ ટાઇપના પ્લોટો પૈકી પાર્સીંગ પ્લાન મુજબ **" પ્લોટ નં. "** વાળી મિલકત, કે જેનુ સુમારે ક્ષેત્રફળ _____ ફુટ બાય _____ફુટ યાને _____ચો.વાર યાને _____**ચો.મી** વાળી જમીન સહીતની કુલ્લા પ્લોટ વાળી મીલકત તથા સદર મિલકતને લાગુ એવા આંતરિક રોડ-રસ્તા અને સી.ઓ.પી.ની _____ **ચો.મી** જમીનમાં વણ-વહેચાયેલા હકકો સહિત કુલ્લે _____ **ચો.મી** મીલકતને લાગતા વળગતા અંદર બહારના નીચે તળની જમીનથી લઇ ખુલ્લા આકાશ સુધીના તમામ હકકો સહિતની મીલકત અમો બીજા પક્ષનાની સંપુર્ણ અને સ્વતંત્ર પ્રત્યક્ષ માલિકી

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

ભોગવટા વહીવટપણામાં ચાલી આવેલ છે. અને તેની હરકોઇ પ્રકારની વ્યવસ્થા કરવા/કરાવવાનો અમો બીજા પક્ષનાને સંપુર્ણ હક્ક અને અધિકાર છે.

આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકતના ટાઇટલની હકીકત એવી છે કે,

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકો : ચોરાસી, મોજે ગામ : દેલાડવા જેનો બ્લોક નંબર : ૩૨૨/અ થી નોંધાયેલી ખેડ ખાતાની જમીનના મુળ માલિક તરીકે **ધીરજલાલ રણછોડ** ના નામે ચાલી આવેલ હતી.

ત્યારબાદ, સદરહું જમીન ધીરજલાલ રણછોડ પાસેથી **નગીનભાઈ કસનજી તથા બાઈ કાશીબેન તે લખા પરભુની છોકરી** એ તારીખઃ ૦૨/૦૪/૧૯૫૭ ના રોજ વેચાણ થી રાખેલ. જે વેચાણ અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૬૧૯** થી તારીખઃ ૨૦/૧૧/૧૯૫૭ થી નોંધવામાં આવેલ અને તે તારીખઃ ૧૦/૦૧/૧૯૫૮ ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ રૂ.૫૦૦/-(અંકે રૂપીયા પાંચસો પુરા/) નો બોજો લીધેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૬૫૨** થી તારીખઃ ૧૧/૧૦/૧૯૫૮ થી નોંધવામાં આવેલ અને તે તારીખઃ ૨૬/૧૧/૧૯૫૮ ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીન માલીક પૈકી **બાઈ કાશીબેન તે લખા પરભુની છોકરી** તા. ૨૩/૦૨/૧૯૭૫ ના રોજ ગુજરી જવાથી તેમના વારસદાર તરીકે **સોમાભાઈ ગોસાંઈભાઈ** નું નામ દાખલ કરવા અંગે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૧૪૭** થી તારીખઃ ૧૦/૧૨/૧૯૭૫ થી નોંધવામાં આવેલ અને તે તારીખઃ ૧૬/૦૨/૧૯૭૬ ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

ત્યારબાદ, સદરહું ગામે દુરસ્તી કતવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૨૭૩** થી નોંધવામાં આવેલ અને તે તારીખઃ **૧૫/૦૬/૧૯૭૮** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું ગામે દુરસ્તી કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૨૮૦** થી નોંધવામાં આવેલ અને તે તારીખઃ **૧૫/૦૬/૧૯૭૮** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ રૂા.૫૦૦/-(અંકે રૂપીયા પાંચસો પુરા/-) નો બોજો લીધેલ ભરપાઈ કરતા બોજા કમીની નોંધ કરેલ જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૬૦૬** થી નોંધવામાં આવેલ અને તે તારીખઃ **૧૨/૦૫/૧૯૮૬** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીન માલીક **નગીનભાઈ કસનજી તથા સોમાભાઈ ગોસાંઈભાઈ પૈકી નગીનભાઈ કસનજી** નો હિસ્સો **શ્રી દેવાભાઈ ગોંસાઈભાઈએ** તારીખઃ ૦૩/૦૩/૧૯૮૬ ના રોજ રજીસ્ટ્ર્ડ વેચાણ દસ્તાવેજ થી અનુક્રમ નંબરઃ ૨૦૦૪/૧૯૮૬ થી નોંધાયેલ છે જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૬૦૭** થી તારીખઃ ૧૨/૦૫/૧૯૮૬ થી નોંધવામાં આવેલ અને તે તારીખઃ ૩૧/૦૭/૧૯૮૬ ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા/-) નો બોજો લીધેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૭૨૧** તારીખઃ **૨૩/૦૨/૧૯૮૮** થી નોંધવામાં આવેલ અને તે પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ રૂા.૨૦,૦૦૦/-(અંકે રૂપીયા વીસ હજાર પુરા/-) નો બોજો લીધેલ. તે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૭૨૨** તારીખઃ **૨૩/૦૨/૧૯૮૮** થી નોંધવામાં આવેલ અને તે પ્રમાણિત પણ કરવામાં આવેલ.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ રૂા.૫૦,૦૦૦/-(અંકે રૂપીયા પચાસ હજાર પુરા/-) નો બોજો લીધેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૭૨૫** તારીખ: **૧૫/૦૩/૧૯૮૮** થી નોંધવામાં આવેલ અને તે પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ રૂા.૩૦,૦૦૦/-(અંકે રૂપીયા ત્રીસ હજાર પુરા/-) નો બોજો લીધેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૧૭૨૮** તારીખ: **૨૮/૦૩/૧૯૮૮** થી નોંધવામાં આવેલ અને તે પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ એન્ટ્રી નંબર ૧૭૨૫ તથા ૧૭૨૮ થી રૂા.૫૦,૦૦૦/-(અંકે રૂપીયા પચાસ હજાર પુરા/-) તથા રૂા.૩૦,૦૦૦/-(અંકે રૂપીયા ત્રીસ હજાર પુરા/-) નો બોજો લીધેલ, જેની ભરપાઈ તારીખ: ૨૧/૦૩/૨૦૦૫ ના રોજ કરી દેવાથી તે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૨૬૪૨** તારીખ: **૦૯/૦૫/૨૦૦૫** થી નોંધવામાં આવેલ અને તે નોંધ તારીખ: **૦૭/૦૯/૨૦૦૫** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ અગાઉ લીધેલ બોજો કે જે રૂા.૫૦,૦૦૦/-(અંકે રૂપીયા પચાસ હજાર પુરા/-) તથા રૂા.૨૦,૦૦૦/-(અંકે રૂપીયા વીસ હજાર પુરા/-) તથા રૂા.૨૦,૦૦૦/-(અંકે રૂપીયા વીસ હજાર પુરા/-) નો બોજો લીધેલ, જેની ભરપાઈ તારીખ: ૦૬/૦૮/૨૦૦૮ તથા ૨૪/૦૫/૨૦૦૮ ના રોજ કરી દેવાથી તે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૨૭૯૫** તારીખ: **૨૭/૦૮/૨૦૦૮** થી નોંધવામાં આવેલ અને તે નોંધ તારીખ: **૦૧/૦૧/૨૦૦૯** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીન માલીક **(૧) સોમાભાઈ ગોસાંઈભાઈ (૨) દેવાભાઈ ગોસાંઈભાઈ** ના ચાલી આવેલ હતી. તેઓએ પોતાની હયાતીમાં વહેંચણી કરતા, સદરહું જમીન **(૧) સોમાભાઈ ગોસાંઈભાઈ આહીર** તથા **(૨) જગદીશભાઈ સોમાભાઈ આહીર** ના

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

હિસ્સે આવેલ. તે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૨૮૦૦** તારીખઃ **૨૪/૦૯/૨૦૦૮** થી નોંધવામાં આવેલ અને તે નોંધ તારીખઃ **૨૭/૦૧/૨૦૦૯** ના રોજ રેવન્યુ રેકર્ડ સાથે સુસંગત નથી તેવા શેરા સાથે રદ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીન માલીક **(૧) સોમાભાઈ ગોસાંઈભાઈ (૨) દેવાભાઈ ગોસાંઈભાઈ** ના ચાલી આવેલ હતી. તેઓએ પોતાની હયાતીમાં વહેંચણી કરતા, સદરહું જમીન **(૧) સોમાભાઈ ગોસાંઈભાઈ આહીર તથા (૨) જગદીશભાઈ સોમાભાઈ આહીર** ના હિસ્સે આવેલ. તે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૨૮૩૨** તારીખઃ **૦૮/૦૪/૨૦૦૯** થી નોંધવામાં આવેલ અને તે નોંધ તારીખઃ **૧૩/૧૦/૨૦૦૯** ના રોજ અરજી, વહેંચણ કરાર, પેઢીનામું, પંચકયાસ, નોટીસ ની ખાત્રી કરી પરંતુ નોંધ નંબરઃ ૨૮૦૦ ની પૂર્તતા ન હોય ના શેરા સાથે નામંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીન માલીક સોમાભાઈ ગોંસાઈભાઈ તથા દેવાભાઈ ગોંસાઈભાઈ એ પોતાની હયાતીમાં હકક દાખલ કરવાની અરજી કરેલ અને તેવી અરજી કરેલ. તે અરજી મુજબ સદરહું જમીન તેના સીધીલીટી ના વારસદારો તરીકે (૧) સોમાભાઈ ગોંસાઈભાઈ તથા (૨) જગદીશભાઈ સોમાભાઈ આહીર નું નામ દાખલ કરવા અરજી કરેલ. તે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૨૯૫૯** તારીખઃ **૨૬/૦૪/૨૦૧૧** થી નોંધવામાં આવેલ અને તે નોંધ તારીખઃ **૦૩/૦૯/૨૦૧૧** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીન માલીકો પૈકી સોમાભાઈ ગોંસાઈભાઈ આહીરએ પોતાનો હકક હિસ્સો જગદીશભાઈ સોમાભાઈ આહીર ની તરફેણમાં કરતાં રુ. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર કરેલ સામાયીકપણામાંથી નામ કમી કરવાનો કરાર રજુ કરી હકક કમી ની અરજી કરેલ. તે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૨૯૮૪** તારીખઃ **૦૬/૦૯/૨૦૧૧** થી નોંધવામાં આવેલ અને તે નોંધ તારીખઃ **૦૧/૦૩/૨૦૧૨** ના રોજ સોમા ગોંસાઈનું પેઢીનામું રજુ કરેલ નથી ના શેરા સાથે નોંધ **રદ** કરવામાં આવેલ.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

ત્યારબાદ, સદરહું જમીનમાં જમીન માલીકો પૈકી સોમાભાઈ ગોંસાઈભાઈ આહીરે પોતાનો હકક હીસ્સો **જગદીશભાઈ સોમાભાઈ આહીર** ની તરફેણમાં જતો કરવા અંગે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૩૦૯૧** થી તારીખ: **૦૧/૧૧/૨૦૧૨** ના રોજ નોંધ કરવામાં આવેલ. જે નોંધ તારીખ: **૦૫/૦૨/૨૦૧૩** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીનમાં સહભાગીદારીમાં હકક દાખલ કરવા અંગે જમીન માલીક **જગદીશભાઈ સોમાભાઈ આહીર** અરજી તથા કરાર રજુ કરેલ. જે કરાર ના આધારે સદરહું જમીનમાં **શ્રીમતી સંગીતાબેન જગદીશભાઈ આહીર** નું નામ જમીનમાં દાખલ કરવા અંગે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૩૧૧૫** થી તારીખ: ૨૬/૦૨/૨૦૧૩ ના રોજ નોંધ કરવામાં આવેલ. જે નોંધ તારીખ: **૨૨/૦૪/૨૦૧૩** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ રૂા. ૬,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા છ લાખ પુરા/-) નો બોજો લીધેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૩૧૩૬** તારીખ: **૦૬/૦૪/૨૦૧૩** થી નોંધવામાં આવેલ અને તે નોંધ તારીખ: ૨૯/૦૫/૨૦૧૩ ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીન ના માલીકો **(૧) જગદીશભાઈ સોમાભાઈ આહીર તથા (૨) સંગીતાબેન જગદીશભાઈ આહીર** એ તારીખ: ૦૩/૧૨/૨૦૧૮ ના રોજ **જયંતિભાઈ મણિલાલ પટેલ** ને દસ્તાવેજ નંબર: ૬૮૩ થી સબ-રજીસ્ટ્રાર સમક્ષ રૂબરૂ હાજર રહી રજીસ્ટર્ડ બાનાખત કરી આપેલ છે.

ત્યારબાદ, સદરહું જમીનના માલીકો પૈકી જગદીશભાઈ સોમાભાઈ આહીરનું તારીખ: ૧૭/૦૭/૨૦૨૦ ના રોજ અવસાન થતાં તેઓના સીધીલીટી ના વારસદારો તરીકે (૧) સંગીતાબેન જગદીશભાઈ આહીર (૨) પ્રિયંકા જગદીશભાઈ આહીર (૩) સગીર ક્રીષા જગદીશભાઈ આહીર નું નામ દાખલ કરવા અંગે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૩૯૮૮** થી તારીખ: ૧૨/૦૯/૨૦૨૦ ના રોજ નોંધ

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

કરવામાં આવેલ. જે નોંધ તારીખઃ **૧૩/૧૧/૨૦૨૦** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં જમીન માલીકએ અગાઉ લીધેલ બોજો કે જે રૂા. ૬,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા છ લાખ પુરા/-) નો બોજો લીધેલ, જેની ભરપાઈ તારીખઃ ૨૯/૧૧/૨૦૨૧ ના રોજ કરી દેવાથી તે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૪૧૩૬** તારીખઃ **૦૩/૦૧/૨૦૨૨** થી નોંધવામાં આવેલ અને તે નોંધ તારીખઃ **૧૪/૦૨/૨૦૨૨** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીનની કે.જે.પી. દુરસ્તી થતા બ્લોક નં. ૩૨૨ ના દુરસ્તી થતા ૩૨૨/અ તથા ૩૨૨/બ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૪૧૫૪** થી તારીખઃ ૨૪/૦૨/૨૦૨૨ ના રોજ નોંધ કરવામાં આવેલ. જે નોંધ તારીખઃ **૨૨/૦૩/૨૦૨૨** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીનમાં કે.જે.પી. દુરસ્તી નો ફેરફાર ની અસર આવેલ ન હોવાથી મામલતદારશ્રી, ચોર્યાસીએ નં. ઈ-ધરા/મોજે-દેલાડવા/બ્લોક નં. ૩૨૨/અ,૩૨૨/બ, વશી ૪૬૭/૨૦૨૨, તા. ૧૨/૦૪/૨૦૨૨ ના રોજ હુકમ કરેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૪૧૭૭** થી તારીખઃ ૧૨/૦૪/૨૦૨૨ ના રોજ નોંધ કરવામાં આવેલ. જે નોંધ તારીખઃ **૨૧/૦૫/૨૦૨૨** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીનમાં અધિક મુખ્ય નગર નિયોજક સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુરત હુકમ નં. સુડા/યુ.૩/પ્લોટ વેલીડેશન/ફા.નં.૧૧૮૫/૧૬૫૩૦ તા. ૧૮/૧૧/૨૦૨૨ થી બીજા હકકમાં સત્તામંડળનું નામ દાખલ કરવા હુકમ કરેલ. જે મુજબ બ્લોક નં. ૩૨૨/અ ની કુલ મળીને ૧૫૨૮૨.૦૦ ચો.મી. માંથી ૬૧૧૨.૮૦ ચો.મી. જમીન કપાતમાં લેતા સત્તામંડળને સંપ્રાપ્ત થયેલ હોઈ જમીનમાં રેવન્યુ રેકર્ડના બીજા હકકમાં કપાત જમીનની નોંધ કરવા આથી હુકમ કરવામાં આવેલ. આથી સદરહું જમીનમાં ૭/૧૨માં ૬૧૧૨.૮૦ ચો.મી. જમીન સુડાની ભવિષ્યની ટી.પી. કપાતમાં તેવું દર્શાવવાનું રહેશે. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ હક્કપત્રકમાં નોંધ નંબર : **૪૨૯૩** થી

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

તારીખઃ ૨૫/૦૧/૨૦૨૩ ના રોજ નોંધ કરવામાં આવેલ. જે નોંધ તારીખઃ **૧૦/૦૨/૨૦૨૩** ના રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીનમાં તારીખઃ ૦૩/૧૨/૨૦૧૮ના રોજ દસ્તાવેજ નંબરઃ ૬૮૩ થી નોંધાયેલ રજીસ્ટર્ડ બાનાખત **તારીખઃ ૨૫/૦૮/૨૦૨૨** ના રોજ **દસ્તાવેજ નંબરઃ ૬૭૨** થી બંને પક્ષનાઓએ રૂબરૂ સબ-રજીસ્ટ્રર સમક્ષ હાજર રહી **બાનાખત રદ** નો લેખ કરી આપેલ છે.

ત્યારબાદ, સદરહું જમીનના માલીકો **(૧) સંગીતાબેન જગદીશભાઈ આહીર (૨) પ્રિયંકા જગદીશભાઈ આહીર (૩) સગીર ક્રીષા જગદીશભાઈ આહીરના કુદરતી વાલી તરીકે સંગીતાબેન જગદીશભાઈ આહીરે** તારીખઃ ૨૫/૦૮/૨૦૨૨ ના રોજ **(૧) હેભાભાઈ કરશનભાઈ વારોતરીયા તથા (૨) મસરીભાઈ દેવાભાઈ આંબલીયા** ને રજીસ્ટર્ડ બાનાખત દસ્તાવેજ અનુક્રમ નંબરઃ ૬૭૩ થી રૂબરૂ સબ-રજીસ્ટ્રાર રમક્ષ હાજર રહી કરી આપેલ છે.

મજકુર મોજે દેલાડવા ના રેવન્યુ સર્વે નંબર - **૨૪૦+૨૪૧/૨**, બ્લોક નંબર ૩૨૨-અ **ખાતા નંબર :** ૮૯૪, જેનું કુલ ક્ષેત્રફળ **હે-આરે-ચો.મી. ૧-૫૨-૮૨, તથા આકાર રૂ. ૨૧.૫૧ પૈસા** થી ચાલી આવેલ ખેતીની જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતી કરવા માટે તા. ૦૧/૦૨/૨૦૨૩ ના રોજ મે.કલેકટર સાહેબશ્રી, કલેકટર કચેરી, જીલ્લા સેવા સદન - ૨, અઠવાલાઇન્સ, સુરતનાને અરજી કરતા, તેઓએ તેમના હુકમ ક્રમાંક : ૯૫૫/૨૨/૧૦/૦૫૨/૨૦૨૩ તા. ૧૩/૦૩/૨૦૨૩થી રહેણાંકના હેતુ માટે હેતુ ફેરની પરવાનગી આપવામાં આવેલ છે. જે અંગેની ફેરફાર નોંધ હકક પત્રક દફતરે નોંધ નં.૪૩૧૮ થી તા. ૧૩/૦૩/૨૦૨૩ નાં રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધને તા. ૦૯/૦૪/૨૦૨૩ ના રોજ નિયમનુસાર પ્રમાણીત કરવામાં આવેલ છે સહી.

ત્યારબાદ, સદરહુ જમીનમાં તારીખઃ ૨૮/૦૮/૨૦૨૨ ના રોજ અનુક્મ નંબરઃ૬૭૩ થી નોધાયેલ રજીસ્ટર્ડ બાનાખત **તારીખઃ ૨૨/૦૫/૨૦૨૩ ના રોજ દસ્તાવેજ નંબરઃ** ૮૦૩ થી બંને પક્ષનાઓએ રૂબરૂ સબ-રજીસ્ટર્ડ સમક્ષ હાજર રહી **બાનાખત રદ** નો લેખ કરી આપેલ છે.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

ત્યારબાદ, **સગીર ક્રીષા જગદીશભાઈ આહીરના કુદરતી વાલી તરીકે સંગીતાબેન જગદીશભાઈ આહીર** ને નીમવા માટે તથા વેચાણ કરવાની પરવાનગી લેવા માટે **મહેરબાન સુરતના જજ શ્રી એમ.એફ. ખત્રી સાહેબની કોર્ટમાં કેસ નં. ૨૦૮/૨૦૨૩** થી અરજી કરતા તેઓએ તારીખઃ ૧૧/૦૭/૨૦૨૩ ના રોજ ક્રમાંક નંબરઃ ૨૩ થી સંગીતાબેન જગદીશભાઈ આહીર ને **સગીર ક્રીષા જગદીશભાઈ આહીર ના વતી** વેચાણ પરવાનગી આપેલ.

આમ, ત્યારથી એવી રીતે અમો બીજા પક્ષના મોજે દેલાડવા ના બ્લોક નંબર ૩૨૨-અ વાળી રહેણાંક ના હેતુ માટે બીનખેતી થયેલ જમીનનાં માલીક, મુખત્યાર, કબજેદાર ભોગવટેદાર તરીકે હમો બીજા પક્ષના ચાલી આવેલા છીએ સહી.

ઉપરોક્ત મુજબ ટાઇટલવાળી જમીનમાં જરૂરી એવી તમામ પરવાનગી મેળવીને અમો બીજા પક્ષનાએ મંજુર થયેલ પ્લાન મુજબ **" નીલકંઠ રેસીડેન્સી "** ના નામથી ઓળખાતી વસાહતનું આયોજન કરી, તેમાં આવેલ રો-હાઉસ ટાઇપ ના પ્લોટોનું આયોજન કરેલ છે. જે નામમાં તમો પહેલા પક્ષના કયારેય પણ કોઇપણ પ્રકારનો ફેરફાર કરી શકશો નહી કે બદલી શકશો નહી.

સદરહું જમીનમાં આવેલ પ્લોટ અંગેની અમો બીજા પક્ષનાએ **રીયલ એસ્ટેટ (રેગ્યુલશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬** ની જોગવાઈ હેઠળ સતાધિકારી પાસે રજી.________________ નં. તા. __________ થી નોંધણી કરાવેલ છે. અને તે અંગેનું સાટાખત અમોએ "રેરા" કાયદાની કલમ-૧૪ મુજબ અનુક્રમ નં , તા. થી નોંધાયેલ છે. જેથી આપણે બંને પક્ષકારોએ ઉપરોક્ત વર્ણવેલ "રેરા" ના કાયદાની જુદી-જુદી કલામોનું પાલન કરવાનું રહેશે, જેથી આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

તમો પહેલા પક્ષનાની માંગણીથી બીજા પક્ષનાએ, મજકુર બીનખેતીની જમીન તથા તેમાં આવેલ પ્લોટ મિલકતને લગતા ટાઇટલ સંબંધીત હક્ક દર્શક તમામ દસ્તાવેજો તથા અમો બીજા પક્ષનાના આર્કિટેકટ શ્રી અભિષેક એ ધનાણી ધ્વારા તૈયાર કરવામાં આવેલા નકશા,

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

આલેખનો અને વિગત વર્ણનો તેમજ રીયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) અધિનિયમ-૨૦૧૬ (હવે પછી અહી જેનો ઉલ્લેખ ઉકત અધિનિયમ તરીકે કરવામાં આવ્યો છે) અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવ્યા મુજબના અન્ય દસ્તાવેજો પહેલા પક્ષનાને તપાસવા માટે આપેલ છે અને પહેલા પક્ષનાએ તે તપાસી લીધેલ છે અને પહેલા પક્ષનાને તેનાથી સંતોષ થયો છે અને કબુલ મંજુર રાખેલ છે. અમો બીજા પક્ષના દ્વારા આયોજીત ઉકત પરિયોજનાં ના નામથી જે રો-હાઉસ ટાઇપ રહેણાંક સોસાયટીના પ્લોટોનું આયોજન કરવામાં આવેલ છે અને તે નકશા અને લે-આઉટની અધિકૃત નકલો પણ તમો પહેલા પક્ષનાએ તપાસી લીધેલ છે અને અમો બીજા પક્ષના દ્વારા સ્થળે તે મુજબ મિલકત આપવામાં આવેલ છે તે પણ તમો પહેલા પક્ષનાએ તપાસી લીધેલ છે અને તમોને તેનાથી સંતોષ થયેલ છે અને તે તમોએ કબુલ, મંજુર રાખેલ છે.

અમો બીજા પક્ષનાના વકીલ દ્વારા ઇશ્યુ કરવામાં આવેલા હક્ક પ્રમાણપત્ર (સર્ટીફીકેટ ઓફ ટાઇટલ) ની અધિકૃત નકલો, સદરહુ મિલકતનું જે બીનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ છે તે પ્રોજેકટની જમીન પરના અમો બીજા પક્ષનાના હક્કનો પ્રકાર દર્શાવતા હક્ક-પત્રક અથવા ૭/૧૨ ના ઉતારા, પત્રક-૬ નો ઉતારો અથવા અન્ય સંબંધીત મહેસુલી રેકર્ડની અધિકૃત નકલો પણ પહેલા પક્ષનાએ તપાસી છે અને તેનાથી પહેલા પક્ષનાને સંતોષ થયો છે તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ તમામ નકશા અને લે-આઉટની અધિકૃત નકલો પણ તમો પહેલા પક્ષનાએ સદરહું મીલકતના ટાઇટલ જોઇ, તપાસી, સરકારી કચેરીઓ માંથી જાણકારી મેળવી, બાંધકામ તથા સ્પેસીફીકેશન્સ સમજીને પુરેપુરો સંતોષ થવાથી અમો બીજા પક્ષના પાસેથી વ્યાજબી અવેજથી વેચાણ રાખી છે તેના આથી સ્પષ્ટતા કરવામાં આવે છે. અને તમોને તેનાથી સંતોષ થયેલ છે અને તે તમોએ કબુલ, મંજુર રાખેલ છે.

નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ સદરહુ મિલકત અમો બીજા પક્ષનાના માલિકીપણા અને કબજા ભોગવટામાંથી કાઢી તેનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો બીજા પક્ષનાએ, તમો પહેલા

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

પક્ષનાને સુપ્રત કરી દીધેલ છે અને તમો પહેલા પક્ષનાએ સદરહુ મિલકત અમો બીજા પક્ષના પાસેથી રાજીખુશીથી સ્થળ ઉપર શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો સ્વીકારેલ છે.

પહેલા પક્ષનાને વેચાણ આપેલ સદરહુ મિલકત તથા તેને લગતી કોમન એમીનીટીઝની તમામ બાબતોની જાળવણી તમો પહેલા પક્ષનાએ સારામાં સારી રીતે કરવાની રહેશે તેમજ જરૂરી એન્યુઅલ મેઇન્ટેનસ કોન્ટ્રાકટ આપી સમયે-સમયે જાળવણી મરામત કરાવવાની રહેશે અને પહેલા પક્ષકારની સદરહુ કામો/ચીજોની યોગ્ય જાળવણી ન કરવાને કારણે અથવા ખોટી રીતે જાળવણી કરવાના કારણે અથવા તમો પહેલા પક્ષના ધ્વારા સદરહુ કામોને નુકશાન થાય તેવી રીતે અન્ય કાર્યો કરવાથી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત કે તેના કોઇપણ ભાગને કે કોમ સુવિધાઓને નુકશાન થાય તો તે અંગે અમો બીજા પક્ષનાની કોઇપણ જવાબદારી રહેશે નહી. આ અંગે વધુમાં નીચે મુજબની ચોખવટ કરવામાં આવે છે. સંબંધીત સ્થાનિક સત્તા મંડળ અથવા સુરત મહાનગર પાલિકા અથવા સુરત શહેરી વિકાસ સત્તા મંડળના નિયમો, સોસાયટીના નિયમો, પેટા નિયમ અને વિનિયમો વિરૂધ્ધ હોય તેવુ કોઇ કૃત્ય પહેલા પક્ષનાએ મજકુર **“ નીલકંઠ રેસીડેન્સી ”** નામનાં પ્રોજેકટમાં કરવા/કરાવવાનું નથી. પહેલા પક્ષનાં દ્રારા ઉપરોકત જણાવેલ જોગવાઇનું ભંગ થાય તેવુ કોઇપણ કૃત્ય કરવામાં આવશે તો તેના પરિણામો ભોગવવા માટે માત્ર પહેલા પક્ષના જવાબદાર બનશો અને આવા સંજોગોમાં બીજા પક્ષના સામે ડીફેકટ લાયબીલીટીઝ અંગેનો કોઇપણ કલેઇમ કરવાના પહેલા પક્ષનાના હક્કો સંપૂર્ણ પણ જતા રહેશે.

વધુમાં અમો વેચાણ આપનારે બુકલેટ અને સદરહુ મિલકતમાં કે કેમ્પસમાં કરેલ ફેરફાર તમો ખરીદનારને સમજાવેલ છે. જે તમો ખરીદનારે સમજી અને ત્યાબાદ જ સદરહુ મિલકતની ખરીદી કરેલ છે. જેથી ભવિષ્યમાં કોઇપણ પ્રકારની ફરીયાદ તમો ખરીદનારાએ કરવા/કરાવવાની નથી અને જો કરો તો તે આ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહી. આમ, સદરહુ મિલકતનું બુકીગ કરાવતી વખતે દર્શાવેલ બ્રોશરની સરખામણી કરીને તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષનાની સામે કોઇપણ પ્રકારના દાવા દુવીના પ્રકરણો કરવા કરાવવાના નથી અને જો કરો કરાવો તો તે તમામ આ દસ્તાવેજની રૂએ સદબાતલ થાય સહી.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

તમોને વેચાણ આપેલ સદરહુ મિલકત તથા **“ નીલકંઠ રેસીડેન્સી ”** નામના ખુલ્લા પ્લોટના પ્રોજેકટની અંદરના તથા બહારના તમામ કામો તથા સગવડતાઓ તમો ખરીદનારે તપાસી લીધા બાદ સદરહુ મિલકતનો કબજો અમો બીજા પક્ષના કનેથી સ્વીકારેલ છે અને તેમાં અમો વેચાણ આપનારે કરેલ નજીવા ફેરફાર જેવા કે રોડ-રસ્તા, ગાર્ડન, મેઇન એન્ટ્રી ગેટ, સીકયુરીટી કેબીન, કમ્પાઉન્ડ વોલ, કોમન લાઇટો, સી.સી.ટી.વી. કેમેરા, કોમન ઓપન સ્પેશ તથા અન્ય સુવિધાઓના સ્થળમાં જરૂરીયાત મુજબના ફેરફાર તમો ખરીદનારે યાને પહેલા પક્ષનાને સમજાવેલ છે. જેથી ફેરફાર બાબતે પણ તમો ખરીદનાર સંમત થયા છો. અને ખુશી વ્યકત કરી કબુલ, મંજુર રાખેલ છે. આમ તમો ખરીદનારે સમજી, વિચારી, સંમત થઇ અને ત્યારબાદ જ સદરહુ મિલકત ખરીદ કરેલ છે અને તેનો કબજો સ્વીકારેલ છે. આમ તમો ખરીદનારએ સદરહુ મિલકત અંગે કે તેની કોમન સુવિધાઓના માપ - ગુણવતા કે સુવિધા બાબતે કે અન્ય કોઇપણ બાબતે ભવિષ્યમાં વાંધા-વિરોધ કે દરદાવો કરવાના નથી તે શરતે આ મિલકત તમોએ ખરીદ કરેલ છે. તેમ છતાં ભવિષ્યમાં વાંધા, વચકા, દર-દાવો કે કોર્ટ કેસ તમો ખરીદનાર કરો/કરાવો તો તે તમામ આ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહી.

તમોને વેચાણ આપેલ સદરહુ મિલકત તથા **“ નીલકંઠ રેસીડેન્સી ”** નામના રો હાઉસ પ્રોજેકટની અંદર તથા બહાર તમામ કોમન સુવિધાઓ જેવી કે રોડ-રસ્તા, ગાર્ડન, મેઇન એન્ટ્રી ગેટ, સીકયુરીટી કેબીન, કમ્પાઉન્ડ વોલ, કોમન લાઇટો, ઇલેકટ્રીક લાઇન, કોમન એમીનીટીઝ, સી.સી.ટી.વી. કેમેરા, કોમન ઓપન સ્પેશ તથા અન્ય સુવિધાઓ વિગેરે અમો વેચાણ આપનારે તૈયાર કરી આપેલ છે તે તમામનો વપરાશ તથા તેની જાળવણી તથા મરામત **“ નીલકંઠ રેસીડેન્સી ”** ના તમામ મિલકત હોલ્ડરોએ સાથે મળીને કરવાની રહેશે મજકુર ઉપરોકત તમામ કોમન ફેસીલીટીઝના મેઇન્ટેનન્સ, રીપેરીંગ ખર્ચ, વિજળી વપરાશનાં બીલો, રોડ રસ્તા તથા કોમન જગ્યાની સાફ સફાઇ ખર્ચ, કોમન સુવિધાઓને લગતા સુરત મહાનગરપાલિકાના કોમન વેરા, વિગેરે તથા અન્ય તમામ ખર્ચાઓ ચાર્જીસ વિગેરે તમોએ તથા **“ નીલકંઠ રેસીડેન્સી ”** ના તમામ પ્લોટ હોલ્ડરો/સભ્યો, કબજેદારો તથા માલિકોએ ફાળે પડતો ચુકવવાનો/ભોગવવાનો રહેશે સહી. જો તમો તેમ કરવામાં કસુર કરશો તો સોસાયટીના

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

વહીવટકર્તા/એજન્સી, તમો સામે કાયદેસરની કાર્યવાહી કરી શકશે સહી તથા તમારા પ્લોટ ના લાઇટ, પાણી, ડ્રેનેજ વિગેરે કનેકશનો કાપી શકશે સહી. સદરહુ શરતને તમો ખરીદનારે રાજીખુશીથી સ્વીકારેલ છે અને આ વેચાણ દસ્તાવેજમાં સહી કરેલ છે.

ટાઇટલ રીપોર્ટમાં જાહેર કરવામાં આવેલ છે તે **" નીલકંઠ રેસીડેન્સી "** પ્રોજેકટની જમીન અથવા પ્રોજેકટ પર આજની તારીખે અમો બીજા પક્ષના સિવાય અન્ય કોઇના કોઇપણ પ્રકારના હક્ક, હીત રહેલા નથી. ઉપરોકત પ્રોજેકટની જમીન ઉપર અથવા પ્રોજેકટ ઉપર અન્ય કોઇ દાવો કોઇપણ કોર્ટમાં પેન્ડીગ નથી. તેમજ પ્રોજેકટની જમીન તથા તેના સંપાદન અને પ્રોજેકટ અંગે બીજા પક્ષનાને સરકાર તરફથી અથવા સુરત મહાનગરપાલીકા તરફથી અથવા કાયદા કાનુન, સરકારી વટ હુકમ, આદેશ, જાહેરનામા હેઠળ બીજા પક્ષનાને કોઇ નોટીસ મળેલ નથી કે બજાવવામાં આવેલ નથી. આમ બીજા પક્ષના આ વેચાણ દસ્તાવેજ કરવાનો સંપૂર્ણ હક્ક અને અધિકાર ધરાવે છે.

આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ સદરહુ મિલકતના તમો પહેલા પક્ષના એકલા, સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, મુખત્યાર કબજેદાર અને વહીવટદાર બન્યા હોય, તેવા હક્કની રૂએ સોસાયટીના નિયમોને આધીન રહીને સદરહુ મિલકતનો માલિકી હક્કે ઉપયોગ, ઉપભોગ વહીવટ કરવા/કરાવવા તેમજ તેની પર રહેણાંક હેતુ માટે ઉપયોગ કરવા, વેચાણ, ગીરો, બક્ષીસથી કે ભાડેથી કે અન્ય કોઇપણ તબદીલીના દસ્તાવેજથી તબદીલ કરવા તેમજ સદરહુ મિલકત ઉપર લોન મેળવવા અને તે અંગેના દસ્તાવેજ કરી આપવા તથા સેટલમેન્ટ કરવા તથા અદલાબદલી કરવા અથવા લાયસન્સથી આપવા તથા વસો વસાવવા હક્કદાર થયા છો.

કુદરતી આપત્તીઓ જેવી કે વરસાદના પુર, આગ, વાવાઝોડું, વિજળી પડવી વિગેરે તથા માનવસર્જીત આપત્તિઓ જેવી કે રમખાણો, તોફાનો, આતંકવાદ, આગ તથા વિગેરેને કારણે તથા તમારા કારણે **" નીલકંઠ રેસીડેન્સી "** નામના રો હાઉસ પ્રોજેકટની અંદર તથા બહાર તમામ કોમન સુવિધાઓમાં ક્ષતિ સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે મિલકત હોલ્ડરોની કે

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

તમો **" નીલકંઠ રેસીડેન્સી "** ના તમામ મિલકત હોલ્ડરોની રહેશે તથા તે અંગેની અમો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ રીતે કોઇપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી અને ગણાશે નહી. તે બાબતની આપણે બંને પક્ષકારો વચ્ચે ખાસ ચોખવટ થયેલ છે અને તમો ખરીદનારાએ સંમતિ આપીને રાજીખુશીથી આ દસ્તાવેજનો લેખ કરાવેલ છે.

સદરહું મિલકતનો રહેણાંક સિવાય અન્ય કોઇપણ પ્રકારનો ઉપયોગ કે વપરાશ કરવાનો રહેશે નહી જે તમો પહેલાપક્ષના ખરીદનારને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી. તેમજ સદરહું **" નીલકંઠ રેસીડેન્સી "** સોસાયટીના અન્ય સભ્યોને ન્યુશન્સરૂપ થાય તે મુજબનું કોઇપણ કૃત્ય તમો ખરીદનારે કરવા/કરાવવાનું રહેશે નહી. અમો બીજાપક્ષનાએ તમો પહેલાપક્ષનાને સોસાયટીનો મંજુર થયેલ પ્લાન બતાવેલ છે. અને મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ કરવાનું હોય અને તે અંગેની પરવાનગીની તમામ શરતોનું પાલન તમો પહેલાપક્ષનાએ કરવાનું છે સહી અને રહેશે સહી. અને જો મંજુર પ્લાન સિવાય વધારાનું બાંધકામ કરવામાં આવેશે તો તે અંગેની તમામ જવાબદારી તમો પહેલાપક્ષના અને સોસાયટીની રહેશે. તેમજ સદરહું સોસાયટીમાં મુકવામા આવેલ રોડ-રસ્તા કે સી.ઓ.પી. ઉપર તમો પહેલાપક્ષનાએ કોઇપણ પ્રકારનું દબાણ કે બાંધકામ કરવાનું કે જુલાવવાનું રહેશે નહી. તેમજ રસ્તા ઉપર ઓટલા કે પગથીયાનું બાંધકામ કરવાનું રહેશે નહી. સદરહું મિલકત અંગે કુદરતી કોઇ આફત જેવી કે ધરતીકંપ, પુર, હોનારત, આગ વિગેરે આવી પડે કે ફાટી નીકળે અને તેનાથી બાંધકામ કરેલ મકાન કે ઇમારતને કે તેનાથી કોઇ ત્રાહિત વ્યકિતને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો તે અંગેની તમામ જવાબદારી તમો પહેલાપક્ષનાની છે સહી અને કાયમી રહેશે સહી.

મજકુર વેચાણ આપેલ સદરહુ મિલકત **" નીલકંઠ રેસીડેન્સી "** માં આવેલ પ્લોટો પૈકીનો એક પ્લોટ છે જેથી મજકુર સોસાયટીમાં આવેલ અન્ય પ્લોટોમાં ભવિષ્યમાં થનાર બાંધકામ બાબતે કોમન દિવાલ, વરંડો આવતો હોય, તેવા સંજોગોમાં સદરહુ મિલકતનો કબજો તમો પહેલાપક્ષનાને સુપ્રત કર્યા બાદ, તમો પહેલાપક્ષના દ્વારા તેમાં ભવિષ્યમાં થનાર બાંધકામ અંગે

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

કોઇ વાંઘા-વિરોઘ કે આવી કોમન દિવાલો વંરડો વિગેરેને નુકશાન થાય તે પ્રકારની કોઇપણ તોફ-ફોડ ફેરફાર, સુધારો- વધારો કરવા કરાવવાનો રહેશે નહી.

મજકુર **" નીલકંઠ રેસીડેન્સી "** બાબતે એસોશીએશન યા સોસાયટીની રચના કરવાની રહેશે અને તેમાં તમો પહેલાપક્ષનાએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે અને મજકુર સોસાયટી કે એસોશીએશન મજકુર સોસાયટીમાંની જે કાંઇ રાસુકી સગવડો, સુવિધાઓના વપરાશ તથા સમારકામ બાબતે, તેના ખર્ચ તથા મેઇન્ટેનન્સ બાબતે, મિલકતના વપરાશના હેતુઓ બાબતે, મિલકતના ટ્રાન્સફર બાબતે, સિકયુરીટી બાબતે વખતોવખત જે કાંઇ નીતી-નિયમો ઠરાવો તેમજ બાયલોઝ તૈયાર કરે તેનું તમો પહેલાપક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સદરહુ **" નીલકંઠ રેસીડેન્સી "** સોસાયટીમાં આવેલ છે તે સોસાયટીમાં મુકવામાં આવેલ સહીયારી સગવડો જેવી કે એન્ટરન્સ ગેટ, રોડ, રસ્તા સી.ઓ.પી. ની જગ્યા વિગેરે રાસુકી સગવડોના નિભાવ તથા જાળવણી બાબતે જે ખર્ચ થાય તે તમો પહેલા પક્ષનાએ તમારા ફાળે પડતો ભરવાનો રહેશે તેમજ તેવી રાસુકી સુવિધાઓનો વપરાશ-ઉપભોગ, સોસાયટી/ કમીટી/ એસોસીએશન વખતો વખત નકકી કરે તે નીતી નિયમો અને શરતોને આધીન તમો પહેલા પક્ષનાએ અન્ય પ્લોટ હોલ્ડરો/ વપરાશકારો/ કબજેદારો સાથે રાસુકો કરાવાનો રહેશે, તેના ખર્ચ તથા મેઇન્ટેનન્સ બાબતે મિલકતોના વપરાશના હેતુઓ બાબતે, મિલકતના ટ્રાન્સફર બાબતે, સીકયુરીટી બાબતે, વખતો વખત જે કાંઇ નીતી-નિયમો, ઠરાવો, તેમજ બાયલોઝ તૈયાર કરે, તેનું તમો પહેલાપક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

તમોને વેચાણ આપેલ સદરહુ મિલકત તથા **" નીલકંઠ રેસીડેન્સી "** નામના ખુલ્લા પ્લોટોનો પ્રોજેકટની તમામ કોમન સુવિધાઓ તમામ સભ્યોની વધુ સુખાકારી માટે તેમા નજીવા ફેરફાર કરેલ છે અને તેમ કરવા માટે તમો પહેલા પક્ષનાની સંમતિ અમો બીજા પક્ષનાએ મેળવેલ છે. કોમન સુવિધાઓ પૈકીની કોઇપણ કોમન સુવિધાઓ સરકારી કે અર્ધસરકારી કચેરી ધ્વારા કે અન્ય કોઇપણ રીતે દુર કરવાનો બનાવ ઉપસ્થિત થાય તો તે અંગે અમો બીજા પક્ષનાની કોઇપણ પ્રકારની જવાબદારી નથી અને તેવા સંજોગોમાં કોમન સુવિધાઓની

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

માંગણી પણ તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષના કનેથી કરવા કરાવવાની નથી તેમજ તેવી કોમન સુવિધાઓને બદલે કોઇપણ પ્રકારનું નાણાંકીય વળતર તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષના પાસે માંગવાનું નથી. કારણ કે અમો બીજા પક્ષનાએ કોમન સુવિધાઓનો કોઇ વેચાણ અવેજ તમો પહેલા પક્ષના કનેથી સ્વીકારેલ નથી. તેવી સ્પષ્ટ સમજણ તમો પહેલા પક્ષનાને આપેલ છે. અને તે તમોએ કબુલ, મંજુર રાખીને મજકુર વેચાણ દસ્તાવેજમાં સહીઓ કરેલ છે અને સદરહુ મિલકતનો કબજો રાજીખુશીથી સમજી વિચારી તમોએ સ્વીકાર કરેલ છે.

મજકુર વેચાણ અવેજની રકમમાં તમોને વેચાણથી આપેલ સદરહુ મિલકત સિવાય, મિલકતની આગળ પાછળ, આજુબાજુ, નીચે/ઉપરનો કોઇપણ ભાગ તમોને વેચાણથી આપેલ નથી તેમજ ભવિષ્યમાં આખી જમીનમાં બીજાપક્ષના પાસે વેચાણ કર્યા વિનાના બાકી રહેલા પ્લોટો વાળી ખુલ્લી જમીન અંગે કોઇપણ પ્રકારના હેતુ માટે પ્લોટ એકત્ર કરી, મંજુર પ્લાન તથા બિનખેતી હુકમ રિવાઇઝડ કરવા અમો બીજાપક્ષના હકકદાર છીએ અને જેના થકી મળનાર વધારાના બાંધકામની માલીકી ફકત અમો બીજાપક્ષનાની રહેશે અને તેમાં રીવાઇઝડ મંજુરીને આધિન બીજાપક્ષના બાંધકામ કરે-કરાવે, કે તેનું વેચાણ, વિગેરેથી તબદીલ ટ્રાન્સફર કરે કે ભાડે યા ઇત્યાદી રીતેથી વપરાશ ઉપભોગ કરે કરાવે, તેમાં પહેલાપક્ષનાની આ વેચાણ દસ્તાવેજ ના લેખથી મુકત સંમતિ ગણાશે. જે કામે રીવાઇઝડ પ્લાન મંજુર માટે તમો પહેલાપક્ષનાની સહી સંમતિની જરૂર રહેશે નહી અને જે અંગે તમો પહેલાપક્ષનાએ કે અન્ય સભ્યએ કોઇપણ પ્રકારની તર-તકરાર કરવા-કરાવવાની નથી.

આ કરારની કોઇપણ જોગવાઇ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડી કાઢવામાં આવેલ નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવા પાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઇઓ આ કરારનાં હેતુ સાથેઅસંગત હોય તેટલી પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવાલાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઇઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

બન્ને પક્ષનાઓ વચ્ચેના કોઇપણ વિવાદનુ સુમેળથી નિવારણ લાવવાનુ રહેશે, જો કોઇપણ સંજોગોમાં કોઇપણ વિવાદનુ સુમેળથી નિવારણ ન લાવી શકાય તેમ હોય ત્યારે, વિવાદને રીયલ એસ્ટેટ એકટ ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિમયોની જોગવાઇ હેઠળ સત્તામંડળને મોકળવાનુ રહેશે.

આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ સદરહુ મિલકત સરકારી, અર્ધ-સરકારી, મે.મામલતદાર સાહેબશ્રી ૭/૧૨ દફતરે, સુરત સીટી સર્વે કચેરી, ગ્રામ પંચાયત કે સુરત મહાનગરપાલિકા તેમજ દક્ષિણ ગુજરાત વીજ કું./ટોરેન્ટ પાવર વિગેરેમાં જયાં જયાં અમો બીજા પક્ષનાનું નામ માલિક, કબજેદાર તરીકે ચાલી આવેલ હોય તે તમામ માંથી અમો બીજા પક્ષનાના નામેથી માલિક, કબજેદાર તરીકે કમી કરી-કરાવી તમો પહેલા પક્ષનાનું નામ માલિક, કબજેદાર તરીકે દાખલ કરી/કરાવી શકશો સહી અને તે અંગે જરૂરી સંમતિ, જવાબ વિગેરે અમો બીજા પક્ષનાએ જે તે કચેરીમાં આપવા સહી અને તેવી સહી, સંમતિ, જવાબ વિગેરે આ વેચાણ દસ્તાવેજના લેખથી ગણી લેવાના છે સહી. પરંતુ નામ દાખલ કરવાની જવાબદારી તમો પહેલા પક્ષના ખરીદનારની રહેશે. ઉપરાંત સદરહુ રો હાઉસ ટાઇપ સોસાયટીને ખાનગી રાહે જે નામ આપવામાં આવેલ છે તે નામમાં યાને **“ નીલકંઠ રેસીડેન્સી ”** નામમાં તમો પહેલા પક્ષનાએ કોઇપણ જાતનો સુધારો વધારો કરવાનો નથી કે નામ બદલાવવાનુ નથી સહી.

ઉપરોકત જણાવેલ કુલ કિંમતમાં સદરહુ મિલકતનો કબજો સોંપવામાં આવે તે તારીખ સુધીનું યાને કે આજદિન સુધીનું જમીન મહેસુલ બીજા પક્ષનાએ ભરી દીધેલ છે અને તે સિવાયના તમામ કરવેરા જેવા કે મ્યુનીસીપલ વેરાઓ, જીએસટી, સેસ, આઇ.સી.ના નાણાં બેટરમેન્ટ સાર્જીસ તથા ડ્રેનેજ ચાર્જીસ, પાણી કનેકશન ચાર્જીસ, ડોકયુમેન્ટ ચાર્જીસમાં સ્ટેમ્પ ડયુટી, રજી. ફી. વકીલ ફી, લીગલ ફાઇલ ચાર્જ, સોસાયટી ફોર્મેશન ચાર્જ, સોસાયટી ઇન્ફ્રાસ્ટ્રકચર ચાર્જીસ, ઇલેકટ્રીક કનેકશનના તમામ ચાર્જીસ તથા અન્ય વેરાઓ વિગેરેનો સમાવેશ થયેલ નથી. જેથી તેવા તમામ વેરાઓ તથા ચાર્જીસ તથા ઉપર જણાવેલ તમામ

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

ખર્ચાઓ પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને ચુકવી આપેલ છે અને તેમ છતાં બાકી નીકળી આવે તો તે પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને ચુકવવાના રહેશે સહી. સદરહું મિલકત અંગેના આ વેચાણ દસ્તાવેજનાં તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઇપીગ ચાર્જ વિગેરે તમો વેચાણ રાખનારે ભોગવેલ છે.

તમોને વેચાણ આપેલી નીચે દર્શાવેલી મિલકતનો વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, લખાણ ફી તથા અન્ય પરચુરણ ખર્ચ તમો પહેલા પક્ષનાએ ભોગવેલ છે, ચુકવેલ છે તથા ભોગવવાનો/ચુકવવાનો રહેશે. ભવિષ્યમાં વધારાની સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, દંડ, વ્યાજ કે અન્ય ખર્ચાઓની જે કાંઇ રકમ ચુકવવાની થાય તો તે તમામ રકમ/નાણા તમો પહેલા પક્ષનાએ ભરપાઇ કરવાના રહેશે સહી.

આ તમોને વેચાણ આપવામાં આવતા મિલકત અંગેના ટાઇટલ ડીડઝ નીચે મુજબ છે. તે નીચે મુજબ તમોને સોંપેલ છે. તે તમોએ જોઇ તપાસીને સંભાળી લીધેલ છે. તે અંગે તમો ખરીદનારને કોઇ વાંધો નથી, તે તમો વેચાણ લેનારે કબુલ રાખેલ છે.

(૧). મોજે દેલાડવા ના રે.સ.નં.૨૪૦+૨૪૧/૨, જેનો બ્લોક નં.૩૨૨-અ વાળી રહેણાંકના હેતુ વાળી બીનખેતીની જમીનની ગામના નમુના નં.૭/૧૨ ની કોમ્પ્યુટરની નકલ.

(૨). એજનના ૮/અ ના ઉતારાની નકલ.

(૩). મોજે દેલાડવા ના રે.સ.નં.૨૪૦+૨૪૧/૨, જેનો બ્લોક નં.૩૨૨-અ વાળી જમીનની ગામના નમુના નં.૭/૧૨ ના સને ૧૯૪૮ થી ૨૦૨૨-૨૩ સુધીના ઉતારાની નકલ.

(૪). મોજે દેલાડવા ના રે.સ.નં.૨૪૦+૨૪૧/૨, જેનો બ્લોક નં.૩૨૨-અ દફતરે દાખલ થયેલ હકક-પત્રક (ગામના નમુના નં.૬) જુની નોંધોના ઉતારાઓની નકલો.

(૫). મોજે દેલાડવા ના રે.સ.નં.૨૪૦+૨૪૧/૨, જેનો બ્લોક નં.૩૨૨-અ વાળી જમીનના એકત્રીકરણ તખ્તાની નકલ.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

(૬). સદરહું જમીન અંગે મે.કલેકટરશ્રી સુરતનાએ હુકમ ક્રમાંક : ૯૫૫/૨૨/૧૦/૦૫૨/૨૦૨૩ તા. ૧૩/૦૩/૨૦૨૩ થી આપેલ બીનખેતીની પરવાનગીના હુકમની નકલ.

(૭). સદરહું જમીન અંગે સુરત મહાનગર પાલીકાના હુકમ નં. 1116LD22230345, તારીખ ૧૭/૦૩/૨૦૨૩ થી મંજુર કરેલ બાંધકામ અને વિકાસની પરવાનગી, રજાચિઠ્ઠી પરવાનગીની નકલ.

-:: શિડયુલ ::-

-:: વેચાણ આપેલ મીલકત વિગતે વર્ણન ::-

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ **સુરત**, સબ ડિસ્ટ્રીકટ તાલુકા **ચોર્યાસી** ના મોજે ગામ **" દેલાડવા "** નાં રે.સર્વે નં.**૨૪૦+૨૪૧/૨, બ્લોક નંબર : ૩૨૨/અ,** કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે.૧-૫૨-૮૨ ચો.મીટર, આકાર રૂા. ૨૧.૫૧ પૈસા છે. તેવી રહેણાંક ના હેતુ માટે બીનખેતી થયેલ જમીનમાં **" નીલકંઠ રેસીડેન્સી "** ના નામથી ઓળખાતી વસાહતમાં આવેલ રો-હાઉસ ટાઇપના પ્લોટો પૈકી પાર્સીંગ પ્લાન મુજબ **" પ્લોટ નં. "** વાળી મિલકત, કે જેનુ સુમારે ક્ષેત્રફળ ______ ફુટ બાય _____ ફુટ યાને _____ ચો.વાર યાને _____ **ચો.મી** વાળી જમીન સહીતની કુલ્લા પ્લોટ વાળી મીલકત તથા સદર મિલકતને લાગુ એવા આંતરિક રોડ-રસ્તા અને સી.ઓ.પી.ની _____ **ચો.મી** જમીનમાં વણ-વહેચાયેલા હકકો સહિત કુલ્લે _______ **ચો.મી** મીલકતને લાગતા વળગતા અંદર બહારના નીચે તળની જમીનથી લઇ ખુલ્લા આકાશ સુધીના તમામ હકકો સહિતની મીલકત દરોબસ્ત. જેની ચર્તુસીમા નીચે મુજબ છે.

ઉત્તરે :
દક્ષિણે :
પુર્વે :
પશ્ચિમે :

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

એણી વિગતોનો આ **વેચાણ દસ્તાવેજ** અમો બીજા પક્ષનાંએ અમારી પોતાની રાજી ખુશીથી, અકકલ, હોંશીયારીથી તન-મનની સ્વસ્થ, સાવધ અને બિનકેફી અવસ્થામાં, કોઈપણ પ્રકારના દાબ-દબાણ, ધાક-ધમકી વિના વાંચી, વંચાવી, સંભાળી, સમજી, વિચારીને સ્વેચ્છાએ કરી આપેલ છે, જે અમોને તથા અમારી વંશવાલી, વારસો, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદિ તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે તથા રહેશે સહી.

અત્રે..................................મતુ **તત્રે.................................શાખ**

....

(સંગીતાબેન જગદીશભાઈ આહીર જાતે પોતે **(સાક્ષી)**
તથા અનુક્રમ નંબર ૩ ના કુદરતી વાલી તરીકે)

....

પ્રિયંકા જગદીશભાઈ આહીર **(સાક્ષી)**

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

-: મીલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :-

મિલકતનુ સરનામુ : પ્લોટ નં. , " નીલકંઠ રેસીડેન્સી ", બ્લોક નં.૩૨૨-અ, મોજે. દેલાડવા, તા.સુરતસીટી, સુરત.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

((   ))

-: મીલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :-

મિલકતનુ સરનામુ : પ્લોટ નં.   , " નીલકંઠ રેસીડેન્સી ", બ્લોક નં.૩૨૨-અ, મોજે. દેલાડવા, તા.સુરતસીટી, સુરત.

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	

(( ))

-: પહેલા પક્ષના :-

( )

-: બીજા પક્ષના :-

(સંગીતાબેન જગદીશભાઈ આહીર જાતે પોતે
તથા અનુક્રમ નંબર ૩ ના કુદરતી વાલી તરીક)

(પ્રિયંકા જગદીશભાઈ આહીર)

દ.પ્રકાર	ગામ	બ્લોક નં.	મીલકત	ક્ષેત્રફળ(ચો.મી)
વેચાણ	ડેલાડવા	૩૨૨-અ	પ્લોટ નં.	